## સુધારેલા સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહનો સુધારો

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જીએસ: ૧૦૭૯: ૨૯૧૪૦: ગ.
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૭-૪-૭૯.

વંચાણમાં લીધો :- શિક્ષણ અને મજૂર વિભાગનો તા. ૨-૧૧-૬૮નો સરકારી ઠરાવ ક્ર. જીએસ: ૧૦૬૮: ૯૩૨૭૩: ગ.

**ઠરાવ :-**

ભૂતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨-૧૧-૬૮ના ઠરાવ ક્રમાંક: જીએસ: ૧૦૬૮: ૯૭૨૭૩-ગ, ના ફકરા-૨ અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાઓ માટે ચોથા વર્ગના કર્મચારીઓનું જે સંખ્યાબળ નક્કી કરવામાં આવેલું છે તે સુધારીને નીચે મુજબનું સંખ્યાબળ રાખવાનું સરકાર ઠરાવે છે.

| | શાળાના વિદ્યાર્થી સંખ્યા. | મળવાપાત્ર સ્ટાફ. |
|---|---|---|
| ૧: | ૧૩૫ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૧ પટાવાળા |
| ૨: | ૧૩૬ થી ૨૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૨ પટાવાળા |
| ૩: | ૨૦૧ થી ૫૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૩ પટાવાળા |
| ૪: | ૫૦૧ થી ૭૫૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૪ પટાવાળા |
| ૫: | ૭૫૧ થી ૧૦૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૫ પટાવાળા |
| ૬: | ૧૦૦૧ થી ૧૫૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૬ પટાવાળા |
| ૭: | ૧૫૦૧ થી વધુ વિદ્યાર્થી સંખ્યાવાળી શાળાઓ માટે | ૭ પટાવાળા |

:૨: ઉપર દર્શાવેલ ક્રમાંક: ૩: :૪: :૫: અને :૬: સામેની સંખ્યાવાળી શાળાઓએ ઠરાવેલ સંખ્યા કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦ થી ૨૫ સુધીની વધે ત્યારપછી જ મળવાપાત્ર પટાવાળાની નિમણુંક કરવાની રહેશે.

:૩: આ હુકમો પટાવાળાની હવે પછીની નિમણુંકો માટે લાગુ પડશે. એટલે કે હાલમાં જે શાળાઓમાં જે પટાવાળા હોય તેમને રક્ષણ આપવાનું રહેશે અને નજીકની શાળામાં જગા ખાલી પડે ત્યારે તેમને નજીકની શાળામાં સમાવી લેવાના રહેશે.

૪: આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે અને હવે પછી કોઇપણ શાળાએ પટાવાળાની નવી નિમણુંક સરકારના આ હુકમો અનુસાર જ કરવાની રહેશે.

૫. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી અમદાવાદે આ આદેશ લાગતા વળગતાઓના ધ્યાન ઉપર લાવવો અને ગ્રાન્ટ ઇન એઇડ કોડના નિયમોમાં જરૂરી સુધારો કરવા માટેની દરખાસ્ત સરકારમાં રજુ કરવી.

૬: આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની નાણાં કોષ સલાહકારશ્રીની તા. ૧૮-૪-૭૯ના રોજની અવિધિસરની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[illegible]
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ.

- - - - - - - - - -

નં. જશિ/ક્ર: ૮૫૫-૭-૧: રાજકોટ, તા. ૨૯-૫-૭૯

નકલ રવાના તથા અમલાર્થે :-
૧: તમામ માધ્યમિક શાળાઓ તરફ.
૨: ઇ. આઇ. એ. ઇ. આઇ. ગ્રાન્ટ કાર્ય કરતા કર્મચારીઓ તરફ.

જીલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.